# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઇસ્ટ(લીંબાયત) ઝોન વિસ્તારના ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૬૯(ગોડાદરા-ડીંડોલી) માં આવેલ ફા.પ્લોટ. ૧૪૭ થી ફા.પ્લોટ. ૧૫૪/એ સુધી ૪૫.૦૦ મીટરની પહોળાઇ વાળા ટી.પી. રોડને ખુલ્લો કરવાની કામગીરીની વિગત**

સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં આજરોજ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા-ડીંડોલી),ફા.પ્લોટ નં. ૧૪૭ થી ફા.પ્લોટ. ૧૫૪/એ સુધી સુડા બાઉન્ડ્રીને લાગુ ૪૫.૦૦ મીટરની પહોળાઈ ધરાવતો ટી.પી./ડી.પી. રસ્તો ગોડાદરા-દેવધ રોડ તથા સુરત પલસાણા રોડને સાંકળતો મહત્વનો રસ્તો છે. સદર રસ્તા પર સુરત ભુસાવલ રેલ્વે લાઈન પર રેલ્વે ઓવર બ્રીજ બનાવવાની કામગીરી પ્રગતી હેઠળ છે. સદર મહત્વના રસ્તા પર સુરત મહાનગરપાલિકા તરફની રસ્તા હેઠળની ખુલ્લી જમીનો પર કરવામાં આવેલ તાર ફેન્સીંગ, ચેઇનલીંક તેમજ કમ્પાઉન્ડ વોલ તથા અસર હેઠળની કુલ-૧૦ કોમર્શીયલ મિલ્કતોના આર.સી.સી. બીમ કોલમ, પતરાનાં શેડ, ચણતરની દિવાલ વિગેરે દૂર કરી અંદાજે ૫૫૦.૦૦ રનીંગ મીટર લંબાઈમાં તથા અંદાજિત ૫,૨૫૦.૦૦ ચો.મીટર માપ વિસ્તારમાં રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે સદર રસ્તો ખુલ્લો કરવા માટે ૦૧-જે.સી.બી તેમજ ૦૩-ડમ્પર દ્વારા ડીમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે, વધુમાં સદર ૪૫.૦૦ મીટર પહોળાઈનો ટી.પી./ડી.પી રોડ ખુલ્લો થવાથી ગોડાદરા-દેવધ રોડ થી સુરત પલસાણા રોડ સુધી તથા આજુબાજુના વિસ્તાર જેવા કે, દેલાડવા, ડીંડોલી, કરાડવા વિગેરેના વસવાટ કરતા લોકોને અવર-જવર માટે ટ્રાફિક સમસ્યા હળવી થવાથી ખુબજ મોટી રાહત થશે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડે.મ્યુ.કમિશનરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના ૦૨ ડે.ઇજનેર, શહેર વિકાસ વિભાગના ૦૩ જુની./આસી ઇજનેર, ૦૩ સુપરવાઇઝર/ટેક.આસી. તેમજ ૨૨ જેટલા બેલદારો તથા સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં. ૩૯૯
તા.૦૫.૧૨.૨૦૨૪